# શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ, બોરીવલી

REGD. NO. MH - 222-1983 G.B.B.S.D.

**શ્રી મૂળજીભાઈ ગોપાળજીભાઈ મહેતા પરિવાર (વિરાર) પ્રેરિત બોરીવલી કાર્યાલય**

બોરીવલી કાર્યાલય : ૧૦૧, શ્રીમદ્ ગોકુલ, અનિલભાઈ દેસાઈ રોડ,મંડપેશ્વર સિવીક ફેડરેશન (MCF) થી આગળ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨, ફોન : (૦૨૨) ૩૫૬૪ ૭૦૭૬ / ૮૭૯૩૪ ૦૪૧૩૬

E-mail : sgdss1983@gmail.com / Website : www.gohilwadsangh.org

**કે.ટી. પરિવાર (વસઈ) પ્રેરિત કે.ટી.વાડી**

વસઈ કાર્યાલય : કે.ટી. વાડી, હોલી પેરેડાઈઝ સ્કુલની બાજુમાં,કે.ટી.વિલેજ, વસઈ (વેસ્ટ),
જી. પાલઘર - ૪૦૧ ૨૦૨. ફોન : (૦૨૫૦) ૨૩૩ ૧૯૨૮, ૮૧૬૯૬૮૭૮૧૪

તા.૦૧-૦૫-૨૦૨૫




આજના કોમપ્યુટરઅને ડીજીટલ યુગમાં એજ્યુકેશન બહુ જ જરૂરી છે.કોઈ પણ ક્ષેત્રમાં આ બંન્ને આઈટમ વગર કામ કરવામાં બહુ જ તકલીફ પડશે પછી તે નોકરી હોય, ધંધો હોય કે ઈન્ડસ્ટ્રી હોય તેથી આજના સમયમાં ખાસ કરીને મોંઘવારીના સમયમાં આ પ્રકારનું શિક્ષણ બહુ જ જરૂરી છે.તેથી આપણા સેવા સંઘના કોઈ પણ વિદ્યાર્થી ભાઈ બહેનો શિક્ષણથી વંચિત ન રહે અને તેમનું શિક્ષણ / અભ્યાસ પરીપુર્ણ થાય એવા ઉદેશથી સેવા સંઘે સર્વ દાતાઓ અને કાર્યકરોના સાથ સહકારથી સેવા સંઘમાં વિવિધ શૈક્ષણિક યોજનાઓ કાર્યરત કરી છે.

સેવા સંઘની વિવિધ શૈક્ષણિક યોજનાઓમાં સ્કુલ, કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે પાઠ્ય પુસ્તક યોજના, સ્કોલરશીપ યોજના, કોમ્પયુટર યોજના, ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી ભાઈ બહેનો ને સર્ટીફીકેટ તથા ટ્રોફી આપવા, સ્કુલ યુનીફોર્મ, નોટબુક યોજના અને ગુજરાતી ક્વોટામાં મળતા એડમીશન માટે ગુજરાતી સર્ટીફીકેટ આપવા વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓ કાર્યરત છે. આ રીતે સેવા સંઘ તેના સભાસદોના બાળકોને સેવા સંઘના ધારા ધોરણે અને ફંડની મર્યાદા મુજબ તેનો લાભ લેવા વિનંતી કરે છે.

## શૈક્ષણિક સહાય વર્ષ ૨૦૨૫ ૨૦૨૬ની કેળવણી યોજનાઓ

**અગત્યની નોંધ:** કેળવણીની દરેક યોજનાઓમાં ફોર્મ ભરતા પહેલા આ સરક્યુલરમાં પાછળ આપેલા બધા જ નિયમો વાંચવા ખાસ વિનંતી છે.

| ક્રમ | યોજનાઓ | પ્રાપ્ત લાભ | યોગ્યતા Eligibility | ફોર્મ મેળવવા ની તારીખ | ફોર્મ સ્વીકારવા ની છેલ્લી તારીખ | મળનાર લાભ બાબતની નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | **શ્રી હિંમતલાલ નરોત્તમદાસ મહેતા શ્રીમતી લીલાવંતીબેન હિંમતલાલ મહેતા શ્રીમતી ચારૂબેન પ્રવિણચંદ્ર મહેતા અને શ્રીમતી ટીનાબેન જયદીપભાઈ મહેતા શ્રીમતી લીનાબેન કલ્પેશભાઈ મહેતા શિષ્યવૃત્તિ યોજના** | સ્કુલ તથા કોલેજની ફી | ધો.૧થી૧૨ તથા ધો.૧૩ થી૧૫ આર્ટસ,કોમર્સ સાયંસ | ૦૬-૦૫-૨૦૨૫ | ૩૦-૦૭-૨૦૨૫ | શિષ્યવૃત્તિ રૂપે યોજનાના ફંડની મર્યાદામાં રહીને ફી આપવામાં આવશે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨ | **શ્રી ઈશ્વરલાલ કેશવજીભાઈ શેઠ એન્જીયરીંગ/મેડીકલ ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના** | એન્જી. મેડીકલ વગેરે માટેની ફી | ઉચ્ચ શિક્ષણ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે | ૦૬.૦૫-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૫ | શિષ્યવૃત્તિરૂપે યોજનાના ફંડની મર્યાદામાં રહીને ફી આપવામાં આવશે. |
| ૩ | **શ્રીમતી રમાબેન મનસુખલાલ શાહ (કે.ટી.પરિવાર) કોમ્પ્યુટર શિષ્યવૃત્તિ યોજના** | કોમ્પ્યુટર ફી | સ્કુલ,કોલેજ તથા કોઈ પણજાતના અન્યકોમ્પ્યુટર કોર્સ માટે | ૧-૦૪-૨૦૨૫ થી | ૩૧-૦૩-૨૦૨૬ | શિષ્યવૃત્તિ રૂપે યોજનાના ફંડની મર્યાદામાં રહીને ફી આપવામાં આવશે. |
| ૪ | **શ્રીમતી હીનાબેન મુકેશભાઈ મહેતા અને શ્રી મુકેશભાઈ બળવંતરાય મહેતાના સ્મરણાર્થે હ. સલોનીબેન ભાવિકભાઈ શાહ** | સ્કુલ ફી | સ્કુલમાં ભણતા વિદ્યાર્થી ભાઈ -બહેનો માટે | ૦૬-૦૫-૨૦૨૫ | ૩૦-૦૭-૨૦૨૫ | શિષ્યવૃત્તિ રૂપે યોજના ના ફંડની મર્યાદામાં રહીને સ્કુલ ફી આપવામાં આવશે. |
| ૫ | **શ્રી પોપટલાલ નાનચંદ શાહ તથા શ્રીમતી રંભાબેન પોપટલાલ શાહ પાઠ્ય પુસ્તક યોજના** | પાઠ્યપુસ્તક (કોમર્સ આર્ટસ તથા સાયન્સ) | ધો.૧થી૧૨ સુધીના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે | ૦૬-૦૫-૨૦૨૫ | ૩૦-૦૬-૨૦૨૫ | ગવર્મેન્ટ માન્યતા પ્રમાણેના બહારથી ખરીદાયેલ પુસ્તકો નાકેશમેમો સામે ૧૦૦ટકા રકમ આપવામાં આવશે. |
| ૬ | **સ્વ. કુંદનબેન ગુલાબચંદ શાહ તથા સ્વ. ગુલાબચંદ વૃજલાલ શાહ ઉચ્ચ શિક્ષણ પાઠ્યપુસ્તક યોજના** | કોલેજના પાઠ્ય પુસ્તકો | ધો.૧૩-૧૪-૧૫, કોમર્સ,આર્ટસ તથા સાયન્સ માટે | ૦૬-૦૫-૨૦૨૫ | ૩૧-૦૧-૨૦૨૬ | બહારથી ખરીદાયેલ પુસ્તકો નાકેશમેમો સામે ૫૦ ટકા રકમ આપવામાં આવશે. |
| ૭ | **શ્રી શાંતિલાલ વૃજલાલ શાહ, શ્રીમતી રશ્મિબેન શાન્તિલાલ શાહ શ્રી ચેતનભાઈ શાન્તિલાલ શાહ એન્જીનીયરીંગ પાઠ્ય પુસ્તક યોજના** | ઉચ્ચ શિક્ષણ એન્જીનીયરીંગ પાઠ્ય પુસ્તક | એન્જી., સી.એ મેડિકલ,સી.એસ. આર્કીટેક્ચર્સ તથા ઉચ્ચ શિક્ષણની કોઈ પણ કેટગરી માટે | ૩૦-૦૬-૨૦૨૫ | ૩૧-૦૧-૨૦૨૬ | આવેલ અરજી મુજબ ભાડે/ખરીદીની રકમના ૪૦ ટકા રકમ આપવામાં આવશે. |
| ૮ | **શ્રી ચુનીલાલ પાનાચંદ મહેતા, શ્રીમતી ધીરજબેન ચુનીલાલ મહેતા, શ્રીમતી ગીતાબેન નિતીનભાઈ મહેતા અને શ્રી વસંતરાય ચુનીલાલ મહેતા નોટબુક યોજના પડતર કિંમત કરતા લગભગ૬૦%થી ઓછા ભાવે નક્કી થયેલ તારીખ પછી સ્ટોક હશે ત્યાં સુધી આપવામાં આવશે.** | ધોરણ ૧થી ૫<br>૬થી ૮, ૯થી૧૫, અને તેથી આગળ કોલેજ તથા દરેક ફેકલ્ટી માટે | ૧ ડઝન<br>૨ ડઝન<br>૧૮૦ પાનાંની લોંગબુક સીંગલ લાઈન | રૂા. ૨૦૦/- ૧ ડઝનના | નોટબુક વિતરણની તારીખ: સોમવાર ૦૨-૦૬-૨૦૨૫ થી ૦૭-૦૬-૨૦૨૫ સુધી... સ્ટોકમાં હશે ત્યાં સુધી મળશે | નોટબુક વિતરણ સ્થળ સેવા સંઘની બોરીવલી-ઓફીસઅને કે.ટી.વાડી- વસઈ ઓફીસથી મળશે |
| ૯ | **માતુશ્રી વસુમતીબેન ભવાનીદાસ મોદી પ્રતીક્ષાબેન પ્રવીણભાઈ મોદી તથા મીનાબેન રાજેશભાઈ મોદી પરિવાર સ્કુલ યુનીફોર્મ યોજના** | સ્કુલ યુનીફોર્મ | ધો ૧થી૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે | ૦૬-૦૫-૨૦૨૫ | ૩૦-૦૭-૨૦૨૫ | યોજનાના ફંડ અને મળેલ અરજીઓ પ્રમાણે યુનિફોર્મની રકમ આપવામાં આવશે. |
| ૧૦ | **શ્રી જશવંતરાય જુગલદાસ દોશી અને શ્રીમતી યશોમતી જશવંતરાય દોશી વિદ્યાર્થીનીઓ માટે ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના** | ફક્ત વિદ્યાર્થી નીઓ માટે ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ | કોલેજ તથા ઉચ્ચ શિક્ષણ માટે | ૦૬-૦૫-૨૦૨૫ | ૩૦-૦૭-૨૦૨૫ | શિષ્યવૃત્તિરૂપે યોજનાના ફંડની મર્યાદામાં રહીને આપવામાં આવશે. |
| ૧૧ | **સ્વ.શ્રી ઝવેરભાઈ વનમાળીદાસ શાહ (દુધવાળા) તથા સ્વ. માણેકબેન ઝવેરભાઈ શાહ (દુધવાળા) સિનિયર સિટીઝન અને એજ્યુકેશન યોજના** | | સિનીયર સીટીઝન ને આર્થિક મદદ તથા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૦૬-૦૫-૨૦૨૫ | ૩૦-૦૭-૨૦૨૫ | ફંડમાંથી અમુક રકમ શિષ્યવૃત્તિ રૂપે વાપરવામાં આવશે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | **અભ્યાસ સમર્થક સહકાર યોજના સ્વ. ચીમનભાઈ મુળજીભાઈ મહેતા ગં.સ્વ. ગીતાબેન ચીમનભાઈ મહેતા શિષ્યવૃત્તિ યોજના** | સ્કુ તથા કોલેજ ના વિદ્યાર્થી ભાઈ બહેનોને શિષ્યવૃત્તિ | | ૦૬-૦૫-૨૦૨૫ | ૩૦-૦૭-૨૦૨૫ | શિષ્યવૃત્તિરૂપે યોજનાના ફંડની મર્યાદામાં રહીને આપવામાં આવશે. |
| ૧૩ | **સેવા સંઘ સંચાલિત ઉચ્ચ ગુણાંક યોજના માટે વાર્ષિક સ્નેહ સંમેલનમાં ટ્રોફી તથા સર્ટીફીકેટ આપવામાં આવશે.** | ઉચ્ચ ગુણાંક મેળવનારને ટ્રોફી તથા સર્ટીફીકેટ | ધો૧ થી ૧૦ | ૦૧-૦૭-૨૦૨૫ | ૩૦-૦૮-૨૦૨૫ | મેળવેલ માર્ક્સ ના % પ્રમાણે પ્રથમ, દ્વિતીય અને ગ્રેડ સિસ્ટમ પ્રમાણે પ્રથમ અને દ્વિતીય ઈનામ આપવામાં આવશે.આ પ્રમાણે કુલ ચાર ઈનામા આપવામાં આવશે.ગ્રેડ સિસ્ટમમાં સરખા ગ્રેડમાં ડ્રો થી નક્કી કરાશે |
| | **ધોરણ** / **ટકાવારી**<br>**૧થી ૪** — **૯૦%થી વધુ માર્કસ**<br>૫ થી ૮ — **૮૦%થી વધુ માર્કસ**<br>**૯ થી ૧૦** — **૮૦%થી વધુ માર્કસ**<br>**૧૧ થી ૧૪** — **૭૦%થી વધુ માર્કસ** | | ધો ૧૧ થી૧૪ | ૦૧-૦૭-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૫ | પ્રથમ, દ્વિતીય અને તૃતિય ત્રણ ઈનામ ટકાવારી પ્રમાણે આપવામાં આવશે. |
| | **ધો.૧૫ ફાઈનલ ડીગ્રી અને તેથી ઉપર ના ધોરણ માટે** — **૬૦%થી વધુ માર્કસ** | | ધો.૧૫ પોસ્ટ ગ્રેજ્યુ ડીગ્રી, ડિપ્લોમા વિ. માટે | ૦૧-૦૭-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૫ | બી.એ.,બી.કોમ,બી.એસ.સી એમ.એ.,એમ.કોમ., એમ.એસ.સી, સી.એ., સી.એસ ડિપ્લોમા, એન્જી, ડીગ્રી, રેકોગ્નાઈસ ઈન્સ્ટીટયુટ દ્વારા એનાયત MBA ડીગ્રી, એલ.એલ.બી., પી.એચ.ડી., ડૉક્ટર, આર્કિટેક્ટ તથા એસ.એન.ડી.ટી. તેમ જ કોઈ પણ કોર્સમાં મેળવેલ માર્કસ પ્રમાણે પ્રથમ આવનારને ઈનામ આપવામાં આવશે. |
| ૧૪ | **વિશિષ્ટ સિતારા યોજના માટે વાર્ષિક સ્નેહ સંમેલનમાં ટ્રોફી તથા સર્ટીફીકેટ આપવામાં આવશે.** | કોઈ પણ ઉંમરના સભ્ય ભાઈ-બહેન તથા બાળકો માટે | | ૦૧-૦૭-૨૦૨૫ | ૩૦-૦૯-૨૦૨૫ | રાજ્ય રાષ્ટ્રિય, આંતર રાષ્ટ્રિય ક્ષેત્રે ગોલ્ડ મેડલ કે અન્ય મેડલ મેળવનારને ઈનામો આપવામાં આવશે. |

## કેળવણી યોજનાઓના નિયમો

૧) સેવા સંઘની સર્વે યોજનાઓનું સંચાલન બોરીવલી કાર્યાલયથી જ થશે.
૨) સર્વે યોજનાઓનું કામકાજ સોમવાર થી શનિવાર સાંજના ૪.૩૦ થી ૬.૩૦ સુધી જ રહેશે.
૩) સેવા સંઘ દ્વારા અપાયેલ ઓળખપત્ર (I-Card) ની ઝેરોક્સ આપ જે ફોર્મ ભરો તેની સાથે જોડવી ફરજીયાત છે. ઓળખપત્રની (I-Card) કોપી વગરના ફોર્મ રદ ગણવામાં આવશે.
૪) કેળવણી યોજનાની અરજી ફોર્મ સાથે જે તે ધોરણ પાસ કર્યાની માર્કશીટ્સની ઝેરોક્ષ કોપી તથા સેવા સંઘ ના આય કાર્ડની કોપી જોડવી ફરજીયાત છે.
૫) સ્કોલરશીપ/ફી મેળવવા નવા વર્ષની ભરેલ ફી રસીદની ઝેરોક્ષ કોપી જોડવી જરૂરી છે.
૬) વિદ્યાર્થીઓના ફી ના ફોર્મ ભરો ત્યારે વિદ્યાર્થીના નામના બેંકના ખાતાનો એક કેન્સલ ચેક આપવો જરૂરી છે.
૭) શિષ્યવૃત્તિ તેમ જ ઉચ્ચ ગુણાંકના આગળ દર્શાવેલ ફોર્મ નક્કી કરેલ છેલ્લી તારીખ સુધી જ સ્વીકારવામાં આવશે. જેઓના પરિણામો ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ પછી આવવાના હોય, તેઓએ છેલ્લી તારીખ પહેલા સેવા સંઘને તે માટે ની અરજી આપવાની રહેશે.
૮) શિષ્યવૃત્તિ અને ઉચ્ચ ગુણાંકના ફોર્મ મળ્યા પછી ચકાસણી કર્યા બાદ મંજુર થયેલ ફોર્મના સભ્યોને સેવા સંઘ દ્વારા શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીના ખાતામાં NEFT દ્વારા બેન્કમાં જમાં થશે તથા ઉચ્ચ ગુણાંક મેળવનારને તારીખસમય અને સ્થળ ની જાણ કરવામાં આવશે. આ બાબત માટે રૂબરૂ કે ફોનથી પૂછપરછ ન કરવી.
૯) કેળવણી યોજનાની દરેક બાબતો માટેનો આખરી નિર્ણય સેવા સંઘની કેળવણી યોજનાની કમિટીનો રહેશે.
૧૦) કેળવણી યોજનાના દરેક અરજી ફોર્મ ઓનલાઈન ઉપર પ્રાપ્ત છે, જેની **Website: www.gohilwadsangh.org** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૧૧) યોજનાના લાભ માટે ભરાતા દરેક અરજી ફોર્મમાં તેમનો મોબાઈલ નંબર અને ઈમેલ આઈ ડી લખવો ખાસ આવશ્યક છે.

૧૨) એક થી બાર ધોરણના વિદ્યાર્થીઓએ નવા પુસ્તકો બહારથી ખરીદ કરીને તેનું બિલ તથા પુસ્તકો ઓફીસે બતાવવા લાવવા. ત્યાર બાદ જ તેની રકમ NEFT થી વિદ્યાર્થીના ખાતામાં જમા થશે..

૧૩) સ્કુલ તથા કોલેજની ફી મેળવવા માટે આ સરક્યુલરમાં જણાવ્યા મુજબ સમય અને તારીખ નક્કી કર્યા સુધીમાં જ ફોર્મ ભરવું જરૂરી રહેશે. વિદ્યાથીની ફી ભરવાની બાકી હોય તો પણ ફોર્મ સમયસર ભરી જવા વિનંતી છે.

૧૪) સેવા સંઘના ટ્રસ્ટીઓ/કારોબારી કમિટીના સભ્ય અથવા સમાજની કોઈ પણ એક પ્રતિષ્ઠીત વ્યક્તિની ભલામણ જરૂરી છે.

---

**ગુજરાતી ક્વોટા સર્ટીફીકેટ :** સેવા સંઘના સભ્યોના કોલેજમાં વિદ્યાર્થી ભાઈ બહેનોને ગુજરાતી ક્વોટામાં મળતા એડમીશન માટે ગુજરાતી સર્ટીફીકેટ સેવા સંઘની બોરીવલીની ઓફીસમાંથી તથા વસઈ કે.ટી.વાડી ઓફીસમાંથી આપવામાં આવે છે.જેનો લાભ લેવા વિનંતી છે.

**મેડીકલ રાહત યોજનાઓ :** સેવા સંઘ દ્વારા દાતા પરિવારોના સહયોગથી નીચે મુજબની કાયમી મેડીકલ યોજનાઓ ચાલે છે. જેનો સભાસદો તથા તેમના પરિવારના સભ્યોએ લાભ લેવા વિનંતી છે.

**વૈદકીય રાહત યોજનાઓ :** હોસ્પીટલમાં લીધેલ સારવાર તથા અન્ય માંદગી માટે થયેલ ખર્ચ તેમ જ ડૉક્ટરે લખી આપેલ પ્રીસ્કીપ્શન મુજબ દવાનો ખર્ચ આ યોજનાના કોર્પસ ફંડના વ્યાજમાંથી આપવામાં આવે છે.

**વૈદકીય ચિકીત્સા યોજના :** કોઈ પણ જાતના રિપોર્ટ કઢાવ્યા હોય તો આ યોજનાના કોર્પસ ફંડના વ્યાજમાંથી મર્યાદા મુજબ સહાય આપવામાં આવશે.પ્રીશ્ક્રીપ્શન તથા ઓરીજીનલ બીલ સાથે જોડવા જરૂરી છે.

**MRI, CT SCAN વૈદકીય રાહત યોજના :** સોનોગ્રાફી વગેરે માટે આ યોજનાના કોપર્સ ફંડના વ્યાજમાંથી સહાય આપવામાં આવે છે.

**ડાયાલીસીસ યોજના :** ડાયાલીસીસ કરાવનારને આ યોજનાના કોપર્સ ફંડના વ્યાજમાંથી સહાયની રકમ આપવામાં આવે છે.

**નેત્ર ચિકીત્સા યોજના :** આંખની અન્ય સારવાર માટે આ યોજનાના કોપર્સ ફંડના વ્યાજમાંથી સહાય આપવામાં આવે છે.

**નેત્ર બિંદુ સારવાર યોજના :** આંખના મોતિયાના ઓપરેશન માટે આ યોજનાના કોપર્સ ફંડના વ્યાજમાંથી સહાયની રકમ આપવામાં આવે છે.

**કેન્સર દવા રાહત યોજના :** કેન્સરના દર્દીઓને આ યોજનાના કોપર્સ ફંડના વ્યાજમાંથી સહાય કરવામાં આવશે.

**અનાજ રાહત યોજના :** જરૂરિયાતમંદ પરિવારોને આખા વર્ષ માટે અનાજ આપવામાં આવે છે.

**મહિલા ઉત્કર્ષ યોજના તથા સખી ગ્રુપ મહિલા વિભાગ :** સભ્ય બહેનોને રચનાત્મક કાર્યો માટે પ્રોત્સાહન મળે તે માટે કાર્યક્રમો યોજવામાં આવે છે.

**પર્યટન અને સાંસ્કૃતિક યોજના :** સેવા સંઘના પરિવારો માટે થતા પર્યટનઅને સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાહત મળે છે.

સેવા સંઘ માં ઉપર પ્રમાણે અનેક પ્રવૃત્તિઓ ચાલે છે તે બધાનો સભ્યોએ ખાસ લાભ લેવા વિનંતી છે.

## વૈદકીય રાહત: પથદર્શક ચેરીટેબલ ટ્રસ્ટ-જગદીશભાઈ દાણી

પથદર્શક ચેરીટેબલ દ્વારા મેડીકલના દવાના ખર્ચામાં રાહત થાય તે માટે દરેક વ્યક્તિને દવામાં ૨૫ ટકા ડીસકાઉન્ટ આપે છે.

**સેવા સંઘનું આઈ કાર્ડ આ માટે સાથે લઈ જવું ફરજીયાત છે.**

**સંપર્ક : ૯૩૭૨૧૫૪૫૧૦ / ७४९८८ ८८६१५ / ૯૩૨૪૯ ૪૭૭૭૫**

આ ઉપરાંત સેવા સંઘના ખરેખર જરૂરિયાતમંદોને દવામાં ૬૦ ટકા ડીસકાઉન્ટ પણ આપે છે,

અને **MRI** અને **CT SCAN** માંપણ ૫૦ ટકા રાહત ઉપલબ્ધ છે.

**આ માટે જરૂરિયાતવાળા સભાસદોએ સેવા સંઘની ઓફીસમાં સંપર્ક કરવો.**

આ ઉપરાંત વિરારમાં ડે-કેર હોસ્પીટલ શરૂ કરેલ છે. તો તેનો લાભ લેવા દરેક સભાસદોને વિનંતી.

**વિરાર ડે-કેર હોસ્પીટલનું સરનામું : પથદર્શક મેડીકલ સેન્ટર**

દફતરી કોમ્પલેક્ષ, પહેલે માળે, એમ.બી.એસ્ટેટ, વિરાર(વેસ્ટ), પાલઘર-૪૦૧૩૦૩

---

**:પ્રમુખ :**
**શ્રી ભાવેશભાઈ વી. મહેતા**

**: ઉપપ્રમુખ :**
**શ્રી હેમાંગભાઈ એમ. શાહ**
**શ્રી ચેતનભાઈ વી.દોશી**

**:માનદ્ મંત્રીઓ :**
શ્રી ભુપેશભાઈ એમ. મહેતા
શ્રીમતી રેવતીબેન એચ. શાહ
શ્રી પંકજભાઈ જે. શાહ

**:માનદ્ ખજાનચીઓ :**
શ્રી વિજયભાઈ એમ. મહેતા
શ્રી સુભાષભાઈ એમ.શાહ
શ્રી ધર્મીલભાઈ એમ. શાહ

# : ડીજીટલાઈજેશનને લગતી ખાસ સુચના :

સહર્ષ જણાવવાનું કે એપ્રિલ ૨૦૨૪થી સેવા સંઘનો સંપૂર્ણ કારોબાર (પત્ર વ્યવહાર) ઓન લાઈનથી શરૂ થઈ ગયેલ છે..

**હવેથી કોઈ પણ પ્રીન્ટેડ સરક્યુલર કુરીયરથી મોકલવામાં આવશે નહીં. ફક્ત ડીજીટલ સરક્યુલર જ મોકલવામાં આવશે.**

જેની ખાસ નોંધ લેવા વિનંતી છે. હવે સેવા સંઘે નવી મોબાઈલ એપ્લીકેશન શરૂ કરી છે. અને નવી વેબસાઈટ લોન્ચ પણ કરી છે. જેથી તમે નોંધાવેલ મોબાઈલ નંબરથી સેવા સંઘના તમામ ફેમીલીની દરેક વિગત જોઈ શકશો./ ચેક કરી શકશો. જેમાં નામ, સરનામું, મોબાઈલ નંબરવગેરે ચેક કરી શકશો, જોઈ શકશો. આમાં કોઈ પણ ફેરફારહોય તો તમે લોગઈન કરી ને સુધારી શકશો.

**આનાથી સેવા સંઘના આવનાર દરેક કાર્યક્રમોની વિગતવાર માહિતી જોઈ શકશો. તેમ જ દરેક યોજનાના ફોર્મ પણ ડાઉનલોડ કરી શકશો. આ રીતે સેવા સંઘના કોઈ પણ કામ માટે તમારે ઓફીસમાં આવવાની જરૂર નહીં રહે. આ માટે આપે નીચે આપેલ QR CODE સ્કેન કરી એપ્લીકેશન ડાઉનલોડકરવી પડશે.**


આપના સગા સંબંધી કે જેઓએ હજી સુધી ડીજીટલાઈજેશન ફોર્મ ભર્યું ન હોય , તેઓને પણ જણાવવા વિનંતીછે. જેઓના બિલ્ડીંગ રીડેવલપમેન્ટ માં ગયા હોય અથવા તો રેસીડન્સ બદલાયું હોય તો તેઓએ સેવા સંઘની ઓફીસે આવી ડીજીટલાઈજેશન ફોર્મ ભરી જવાવિનંતી છે. જેથી આપને સેવા સંઘની સંપૂર્ણ માહિતિ મળતી રહેશે. આપને ખાસ વિનંતી કે આ માટે સેવા સંઘને સંપૂર્ણ સહકારઆપવા વિનંતી છે.

આ રીતે સેવા સંઘનો સંપૂર્ણ કારોબાર (પત્ર વ્યવહાર) એપ્રિલ ૨૦૨૪થી ઓન લાઈન શરૂ થઈ ગયો છે, આના અનુસંધાનમાં જણાવવાનું કે હાલ મોંઘવારી વધી છે. મેડીકલ ખર્ચાઓ, એજ્યુકેશનલ ખર્ચાઓ અનાજ વગેરે ના ખર્ચાઓ, ઓફીસ તથા ડીજીટલાઈજેશન ના ખર્ચાઓમાં વધારો તેમ જ બેંકના વ્યાજ દરો પણ ઓછા થઈ ગયા છે. સહાય યોજનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે તેથી મેનેજીંગ કમિટી મીટીંગ તા ૫-૭-૨૦૨૩માં તેમ જ એન્યુઅલ જનરલ મીટીંગ તા. ૬-૮-૨૦૨૩ માં નક્કી થયા મુજબ રૂા. ૩૦૦/- દરેક સભાસદ પાસેથી એપ્રિલ ૨૦૨૪ થી દર વર્ષે ANNUAL SUBSCRIPTION FEE પેટે લેવાનું નક્કી કરવામાં આવેલ છે. તો રૂા. ૩૦૦/- બોરીવલી ઓફિસમાં અથવા કે.ટી.વાડીવસઈ ઓફિસમાં ભરી જવા વિનંતી છે.રૂા. ૭૫૦/- આપી ૩ વર્ષની ફી સાથે ભરી શકાશે.

(

## Shree Gohilwad Dashashrimali Seva Sangh, Borivali

**Regd.No. MH222-1983 G.B.B.S.D.)**











## FEATURES

- Enhanced Member Engagement
- Push Notifications, Emails, In-App Messaging
- Streamlining Event Processes
- Generating Revenue to Support Association Activities
- Anytime, Anywhere Access for Members
- Opportunities for Advertising, Sponsorships
- Centralized Hub for News, Updates, and Announcements
- Member Directories, Networking Events

# Steps for Member Login




## Available on:

GET IT ON Google Play

Download on the App Store




### 1. MEMBER LOGIN

Secured login functionality through registered Email Id & Mobile No.




### 2. VIEW HOMEPAGE

Navigate to the homepage, access tab for more information.



### 3. MEMBERS DASHBOARD

Access a personalized dashboard and edit details for your family members.



### 4. ENROLL YOJANA

Enroll in Yojana programs or initiatives through the platform.



### 5. K T WADI

View KT Wadi details on this page.



### 6. YOJANA STATUS

Check the status of enrolled Yojanas through the dashboard.


**Contact Us:**

+ 91 87934 04136
+ 91 22 3564 7076

**Email Us:**

sgdss1983@gmail.com
info@gohilwadsangh.org







**:પ્રમુખ :**
**શ્રી ભાવેશભાઈ વી. મહેતા**

**: ઉપપ્રમુખ :**
**શ્રી હેમાંગભાઈ એમ. શાહ**
**શ્રી ચેતનભાઈ વી.દોશી**

**:માનદ્ મંત્રીઓ:**
શ્રી ભુપેશભાઈ એમ. મહેતા
શ્રીમતી રેવતીબેન એચ. શાહ
શ્રી પંકજભાઈ જે. શાહ

**:માનદ્ ખજાનચીઓ:**
શ્રી વિજયભાઈ એમ. મહેતા
શ્રી સુભાષભાઈ એમ.શાહ
શ્રી ધર્મીલભાઈ એમ. શાહ